# પાલનપુરની યુવતી ખોટો કોલ લેટર બનાવી લોકરક્ષક દળની પરીક્ષા આપવા જતાં પકડાઈ

## બનાવટી કોલ લેટર કાઢી આપનારા જગાણાના શખ્સ સહિત યુવતી સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધાવ્યો

પાલનપુરની સિદ્ધરાજ જયસિંહ સોસાયટીમાં રહેતી અને મૂળ દાંતીવાડા તાલુકાના જેગોલની યુવતી લોકરક્ષક દળની પરીક્ષામાં નાપાસ થઈ હતી. તેમ છતાં જગાણા ગામના તેના મિત્રની મદદથી ખોટો કોલ લેટર બનાવી ગાંધીનગર ખાતે પરીક્ષા આપવા ગઈ હતી. જોકે, ચકાસણી દરમિયાન બનાવટી કોલ લેટરનો પર્દાફાશ થઈ જતાં તે પકડાઈ ગઈ હતી. આ અંગે બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચે યુવતી તેમજ મદદગારી કરનારા શખ્સ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગૂનો નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

લોક રક્ષક દળની પરીક્ષાનું પેપર લીક થયા બાદ પુનઃ પરીક્ષા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલનપુરની યુવતી બનાવટી કોલ લેટરના આધારે પરીક્ષા આપવા જતાં ઝડપાઇ ગઈ હોવાનો કિસ્સો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે વિગતો આપતા બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ નયનસિંહ પરમારે જણાવ્યું હતું કે, પાલનપુરની સિદ્ધરાજ જયસિંહ સોસાયટી ભાગ ૩માં આશાબેન પરેશભાઈ ચૌધરીના મકાનમાં રહેતી અને મૂળ દાંતીવાડા તાલુકાના જેગોલની રમીલાબેન ભેમાભાઈ ચૌધરી લોકરક્ષક દળની લેખિત પરીક્ષામાં ૩૨ ગુણ મેળવતાં નાપાસ જાહેર કરવામાં આવી હતી. તેમ છતાં જગાણા ગામના તેના મિત્ર જીતેશ પરથીભાઈ ચૌધરીની મદદથી ખોટો કોલ લેટર બનાવી ગાંધીનગર ખાતે પરીક્ષા આપવા ગઈ હતી. જોકે, ચકાસણી દરમિયાન બનાવટી કોલ લેટરનો પર્દાફાશ થઈ જતાં તે પકડાઈ ગઈ હતી. આ અંગે બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચે રમીલા ચૌધરી તેમજ મદદગારી કરનારા જીતેશ ચૌધરી સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગૂનો નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

### બનાવટી કોલ લેટર કેવી રીતે બનાવ્યો ?

રમીલા ચૌધરી લોક રક્ષક દળની લેખિત પરીક્ષામાં ૩૨ ગુણ આવતા નાપાસ જાહેર કરવામાં આવી હતી. છતાં પોતાનો ઈરાદો પાર પાડવા જગાણાના તેના મિત્ર જીતેશ ચૌધરીનો સંપર્ક કર્યો હતો. આથી જીતેશ ચૌધરીએ પાલનપુર તાલુકાના પટોસણ ગામની એલ આર ડી પરીક્ષાની ઉમેદવાર પુષ્પાબેન શામળભાઈ ચૌધરીના શારીરિક કસોટીનો રોલ નંબર ૧૦૦૨૪૨૮૬ ટાંકીને બનાવટી કોલ લેટર તૈયાર કરી આપ્યો હતો.

### પરીક્ષા બોર્ડની કોઈ ક્ષતિ નથી

આ અંગે ગાંધીનગર લોક રક્ષક ભરતી બોર્ડના સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા ફેક કોલ લેટરના કિસ્સામાં ભરતીબોર્ડની કોઈ જ ક્ષતિ નથી. ઉમેદવારે પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે તેઓ જાણતા હોવા છતાં ખોટા કોલ લેટરને ખરા તરીકે બતાવી ગૂનો આચાર્યો છે.

### બન્ને આરોપીઓને જેલના સળિયા પાછળ : એ.એમ. પટેલ

લોક રક્ષક દળની પરીક્ષામાં બનાવતી કોલ લેટરનો ખરા તરીકે ઉપયોગ કરવાની કોશિષ કરનારી યુવતી અને મદદગારી કરનારા શખ્સને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે. જેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# પ્રાંતિજમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે આજથી ચાર મહિના ૧૩ દિવસ અગાઉ બંધ મકાનના તાળા તોડી સોના-ચાંદીના દાગીના સહિત ૧,૫૧,૦૦૦ની મત્તાની ચોરીના આરોપીઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે દબોચી પાડ્યા હતા.

પ્રાંતિજ તપોધન ફળી ખાતે રહેતાં રાકેશકુમાર બાબુલાલ રાવલ કે જેવો પોતે પોતાના પરિવાર સાથે ધંધા અર્થે મુંબઈ ખાતે રહે છે પણ પ્રાંતિજ ખાતે આવેલ તેવાના બંધ મકાનમાં તા. ૩૦-૧૦-૨૦૧૮ના રાત્રીના સમયે મેન દરવાજાનાતાળાં તોડી મકાનમાં પ્રવેશ કરી તીજોરીના તાળા તોડી સોના-ચાંદીના દાગીના ૧,૩૩૦૦૦ તથા રોકડ રકમ ૧૮,૦૦૦ મળી કુલ- ૧,૫૧,૦૦૦ મત્તાની ચોરી કરી પલાયન થતાં તે સમયે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરીયાદ મકાન માલિક



રાકેશકુમાર બાબુલાલ રાવલ દ્વારા કરવામાં આવી હતી અને ચાર મહિના બાદ આ કામના આરોપીઓ અમદાવાદ ખાતે અન્ય ચોરીના ગુનામાં બન્ને આરોપીઓ જેમાં તિલોકસિંગ છોટુસિંગ ભાદા ચિખલી, ગોવિંદસિંગ કાળુસિંગ ટાક અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના હાથમાં આવી જતાં તેવોની પુછપરછ દરમ્યાન પ્રાંતિજ ખાતે પણ બંધ મકાનમાં ચોરી કર્યાની કબુલાત કરી હતી. તો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બન્ને આરોપીઓને પ્રાંતિજ પોલીસને સોંપવામાં આવ્યા હતા. પ્રાંતિજ પોલીસ દ્વારા બન્નેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણ જણા દ્વારા રાત્રીના સમયે મકાનમાં ઘુસી ચોરી કરી હોવાનું જાણવા મળ્યુ હતુ. પ્રાંતિજ પોલીસ દ્વારા બન્નેને કોર્ટમાં હાજર કરી વધુ પુછપરછ માટે કોર્ટમાં રીમાન્ડની માંગણી કરવામાં આવી છે.

# જીટીયુના ગોલ્ડ મેડાલીસ્ટનું તત્વ કોલેજે સન્માન કર્યુ

મોડાસા, તા. ૧૨

તાજેતરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા મે-જુન-૨૦૧૮માં લેવાયેલ એમ.ઈ. સેમેસ્ટર-૪, સિવિલ એન્જિનીયરીંગ (ટ્રાન્સપોર્ટેશન)ની પરીક્ષામાં તત્વ એન્જિનીયરીંગ કોલેજ મોડાસાના વિદ્યાર્થી પટેલ પાર્થકુમારે ૯.૦૩ સીપીઆઈ સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. જે બદલ જીટીયુ દ્વારા આયોજિત પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીને ગોલ્ડમેડલથી સન્માનિત કરવામાં આવેલ, આમ. સંસ્થાનું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થીને સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારના હસ્તે પ્રોત્સાહિત ટ્રોફી તથા પ્રિન્સિપાલ કે.બી. શેઠ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા. વિદ્યાર્થી આવી પ્રગતિ ઉત્તરોઉત્તર કરતા રહે અને સંસ્થાનુ નામ તથા પોતાના માતા-પિતાનુ નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ સમગ્ર તત્વ ફાઉન્ડેશન ટ્રસ્ટ પરીવાર તેમજ તત્વ કોલેજ પરિવાર તરફથી પાઠવવામાં આવી છે.




**મોડાસામાં મોબાઈલ સીબીનાટ વાનનુ પ્રસ્થાન**

મોડાસા જી-અરવલ્લી ખાતેથી અરવલ્લી જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એ.એચ. રાઠોડ તથા તાલુકાના આરોગ્ય સ્ટાફ તેમજ પ્રજાજનોની હાજરીમાં મોબાઈલ સીબીનાટ વાનનું પ્રસ્થાન કરવામાં આવેલ. આ સીબીનાટ મોબાઈલ વાન ફીલ્ડમાં રૂટ પ્રમાણે અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાના હાઈરીસ્ક તા. ૧૧-૩-૨૦૧૯ થી ૨૨-૩-૨૦૧૯ ટીબીના નિદાન અંગેની કામગીરી કરશે.

# લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭(ક)ની જોગવાઈ લાગુ

મહેસાણા, તા. ૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ અંતર્ગત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧-ની કલમ ૧૨૭(ક)ની જોગવાઇ અંતર્ગત મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહિ અથવા છપાવી કે પ્રસિધ કરાવી શકાશે નહિ. તેમજ પ્રકાશકની ઓળખ અંગેના એકરાર નામની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈ પણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામ્રગી છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ.

આ કાયદાની જોગવાઇના પાલન અને અમલવારી માટે ચૂંટણી પંચની સુચના અનુંસાર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ આદેશની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનો આદેશ કર્યો છે.

૧૨૭(ક)(૧)ની જોગવાઇ મુજબ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો,કે અન્ય સામ્રગીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવાના રહેશે. તેમજ આવા ભીંતપત્ર, ચોપાનીયા કે અન્ય છાપકામ કરેલ સાહિત્યની છાપેલી પ્રતોની સંખ્યા પણ અચુક દર્શાવવાની રહેશે.

ચૂંટણી સંબધિત કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો અન્ય સામ્રગીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉક્ત કલમ ૧૨૭(ક)(૨)ની જોગવાઇ મુજબ મુદ્રકે નિર્વાચીન આયોગ દ્વારા નક્કી થયેલા જોડાણ ક મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે અને એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓની શાખ તરીકે સહિઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ તેમાં સહિ કરાવવાની રહેશે.

મુદ્રકે છાપેલ ચૂંટણીને લગતા ચોપાનીયા અથવા ભીંતપત્રો બાબતમાં મુદ્રણના ત્રણ દિવસની અંદર અલગ અલગ રીતે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી મહેસાણાની ફોજદારી શાખામાં મોકલી આપવાની રહેશે. જેમાં જોડાણ ક મુજબ પ્રકાશક પાસેથી મળેલ અને એકરારપત્રની એક નકલ, મુદ્રિત સામગ્રીની ત્રણ નકલો, જોડાણમાં છાપેલ મુદ્રણને લગતી માહિતી ભરીને મુદ્રકે તે સહિ કરીને અધિકૃત કરી આપવાની રહેશે.

ચૂંટણીને લગતું ચોપાનીયું અથવા ભીંતપત્ર એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકુળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કોઇ પણ છાપેલું ચોપાનીયું કે હેન્ડબીલ અથવા બીજુ, ત્રીજું લખાણ અથવા ચૂંટણીને લગતું ભીંતપત્ર એવો અર્થ થાય છે.

કલમ ૧૨૭(ક)ની જોગવાઈ અને આયોગની ઉક્ત સુચનાઓ કોઈ પણ ઉલ્લંઘન સામે રાજ્યમાં પ્રર્વતમાન કાયદા અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ રજિસ્ટ્રેશન રદ કરવા જેવાં કડક પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત કલમ ૧૨૭(ક)(૪)ની જોગવાઈ મુજબ છ માસની સુધી કેદ અથવા રૂ.૨૦૦૦ સુધીનો દંડ અથવા બંન્ને શિક્ષાઓને પાત્ર ગુનો બનતો હોઈ આ જોગવાઈ મુજબ મુદ્રણાલયની સામે યોગ્ય જણાયે કાનુની પગલાં ભરવાની કાર્યવાહી કરવાને પાત્ર થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સાબરકાંઠા બેન્ક દ્વારા બેન્કના વિકાસમાં સહભાગી થવા ચિંતન શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૧૨

બદલતા બેન્કીંગ સમયની સાથે રાષ્ટ્રીયકૃત બેંકોની હરોળમાં આપણે પાછા નથી પડ્યા. નાંણાકીય સંસ્થામાં આપણે કોઈપણ નિર્ણય કરીએ ત્યારે ગ્રાહકને લક્ષ્યમાં રાખવો જાઈએ તેની રાહ સમય જાતો નથી. આ વાત કાયમ ઉજાગર કરવી જાઈએ. એ ન કરીએ તો આપણે નિષ્ફળ જઈએ, મનથી કામ કરવાની અડગ શક્તિ જાઈએ. આપણે બધાએ સર્વિસમાં જવા પ્રાયોરીટી નહીં પરંતુ કંપરસરલી હોવું જાઈએ. ભાવના રાખી બીનહરીફ ડીરેકટરો લાવવા જે પ્રકારની કામગીરી કરી તે બદલ બોર્ડ ઓફ ડીરેકટર્સ અને કર્મચારી પરીવાર દ્વારા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવેલ. જયારે બેન્કના ડીરેકટર જેઠાભાઈ પટેલ



તમે સારૂ કાર્ય કર્યુ છે. પણ હજુ સમય સાથે જુની ગ્રેડથી બહાર આવવાની જરૂર છે. સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બંન્ને જીલ્લાના ૧૨૯ શાખાના તમામ કર્મચારી સ્ટાફ તથા બોર્ડ ઓફ ડીરેકટર્સની યોજાયેલી સ્વામીનારાયણ મંદીરમાં ચિંતન શીબીરમાં ચેરમેન મહેશભાઈ પટેલે વધુમાં માર્ગદર્શન આપતા જણાવેલ કે, સમયની સાથે ન ચાલે ધિરાણ લેનારનો વિકાય થયો અને વસુલાત થવાથી આત્મસંતોષ મળશે. આ એવોર્ડ મળ્યો એક નિમીત છે. સ્ટાફે કામ કર્યુ તેથી મળ્યો છે. જેથી બધાએ સૌ સાથે મળી બેન્કના વિકાસમાં સહભાગી થઈ કાર્ય કરવું જાઈએ. આ પ્રસંગે બેન્કને નાબાર્ડ દ્વારા વર્ષ-૨૦૧૮નો એવોર્ડ મળતા તેમજ ચેરમેન મહેશભાઈ પટેલની રેલ્વે મંત્રાલયમાં નિમણુંક થતાં અને સાબરડેરીની ચુંટણીમાં સહકારની અને જુશભાઈ પટેલ સાબરડેરીમાં ચુંટાઈ આવેલ. તેમનું પણ બોર્ડ દ્વારા સન્માન કરવામાં આવેલ. કર્મચારીઓના ચિંતન શીબીરમાં બેન્કના ચીફ એકઝીક્યુટીવ એચ.પી. નાયક, એડવાઈઝર હરીશભાઈ પટેલ, જનરલ મેનેજર પ્રવીણભાઈ જે. પટેલ, ગીરીશભાઈ પટેલ વગેરેએ પણ ચિંતન શીબીરમાં કર્મચારીઓને બેન્ક કેવી રીતે વધુ પ્રગતી કરે તથા અન્ય બેન્કીંગ વિશે માર્ગદર્શન આપેલ.

# મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં પ્રતિબંધાત્મક આદેશ

મહેસાણા, તા. ૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯નું મતદાન સરળ અને શાંતિપુર્ણ થાય અને તેમાં અવરોધ પેદા થાય નહી તે માટે મતદાન મથકના સ્થળોના ૨૦૦ મીટરના વિસ્તારમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ આદેશ કર્યા છે. ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ બહાર પાડેલ આદેશનું પાલન ૩૦ એપ્રિલ ૨૦૧૯ સાંજે ૧૯ કલાક સુધી પાલન કરવાનું રહેશે.

જેમાં ચૂંટણી ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યક્તિ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણીના બુથ ઉભા કરી શકશે નહિ. મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃ વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે, મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી. કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી.

આ આદેશ ચૂંટણી અંગેની મતદાન સંચાલનની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ કર્મચારીઓ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી, કર્મચારી તથા અન્ય સુરક્ષા માટેના સ્ટાફને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને લાગુંપડશે નહિ તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ જણાવાયું છે.

# જવાહર નવોદય વિદ્યાલયના પ્રવેશપત્રો મેળવી લેવા

ધનસુરા, તા. ૧૨

જવાહર નવોદય વિદ્યાલય, ધનસુરા ખાતે વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ધોરણ-૬માં પ્રવેશ મેળવવા માટેની જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા ૨૦૧૯ આગામી તા. ૬-૪-૨૦૧૯ને શનિવારના રોજ યોજાનાર છે. આ પ્રવેશ પરીક્ષા માટેના પ્રવેશપત્રો (એડમીટ કાર્ડ) નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાય છે. તો જે ઉમેદવારોએ સદર પ્રવેશ પરીક્ષા માટેનું પ્રવેશ પત્ર (એડમીટ કાર્ડ) હજી સુધી ડાઉનલોડ ન કર્યુ હોય તેવા ઉમેદવારોને તાત્કાલિક સદર પ્રવેશ પરીક્ષા માટેનું પ્રવેશ પત્ર (એડમીટ કાર્ડ) ડાઉનલોડ કરી લેવા આથી જણાવવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા સંબંધી અન્ય કોઈ માહિતી માટે જવાહર નવોદય વિદ્યાલય, ધનસુરાનો રૂબરૂમાં અથવા મોબ. નં. ૯૪૯૯૮૫૭૬૫૭ ઉપર સંપર્ક કરવો.

# સાબરકાંઠા-અરવલ્લીમાં પાંચ વર્ષમાં ૧,૬૬,૫૨૨ મતદારો વધ્યા

હિંમતનગર, તા. ૧૨

૫-સાબરકાંઠા સંસદિય બેઠકની આગામી તા. ૨૩ એપ્રિલે ચૂંટણી યોજવાનું નક્કી કરાયુ છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરીને આખરી ઓપ



આપી દેવાયો છે. આ વખતે લોકસભાની આ ચૂંટણીમાં બંને જિલ્લામાં મળી ૧૨,૧૦૯ કર્મચારીઓ વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી કરશે જેઓને તાલીમ આપવાનું શરૂ કરી દેવાયુ છે. ગત લોકસભાની ચૂંટણી કરતા આ વખતની ચૂંટણીમાં બંને જિલ્લાના મળી અંદાજે ૧,૬૬,૫૨૨ નવા મતદારો ઉમેરાયા છે જેવો પ્રથમ વખત ઈવીએમના માધ્યમથી મતદાન કરશે.

ગત લોકસભાની ચૂંટણીમાં એટલે કે વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી યોજાઈ તેમાં કુલ મતદારો ૧૬,૧૨,૧૬૫ હતા જે વર્ષ ૨૦૧૯માં વધીને ૧૭,૭૮,૬૮૭ થયા છે એટલે કે વર્ષ ૨૦૧૯માં ૧,૬૬,૫૨૨ મતદારો નવા ઉમેરાયા છે. તેમાં જોવા જઈએ તો સાબરકાંઠાના નવા મતદારોની સંખ્યા ૯૬,૯૪૦ અને અરવલ્લીની વાત કરીએ તો તેમાં ૬૯,૫૮૨ની થવા જાય છે.

આ વર્ષે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા દરેક વિધાનસભા બેઠક દીઠ પાંચ મહિલાઓ સંચાલિત મતદાન મથકો ઉભા કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લીમાં મળી સાત વિધાનસભા બેઠકોમાં ૩૫ મતદાન મથકો એવા હશે કે જેમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ મહિલા વર્ગની હશે એટલુ જ નહી પણ મતદાન કરવા આવતા તમામ મતદારો માટે જિલ્લાના તમામ મતદાન મથકો પર રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા કરાયેલા નિર્ણયને લઈને તમામ મતદાન મથકો પર દિવ્યાંગો અને વૃદ્ધો માટે વ્હિલચેર સહિત પીવાના પાણીની સગવડો કરાશે. ઉપરાંત સાબરકાંઠાની હિંમતનગરની બહેરામુંગા વિદ્યાલય, ઈડરની સંસ્કાર વિદ્યાલય, ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલ તથા તલોદ તાલુકાની મહિયલ પ્રાથમિક શાળામાં દિવ્યાંગ મતદાન મથક ઉભા કરાશે.

આ વખતની લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર પોતાના પ્રચારપ્રસાર, જાહેરસભાઓ, સરઘસ કે પ્રવાસના કાર્યક્રમમાં થનાર ખર્ચની મર્યાદા ઉમેદવાર દીઠ રૂ. ૭૦ લાખ નક્કી કરાઈ છે. જોકે વિધાનસભાની ચૂંટણીમાં ખર્ચની મર્યાદા ઉમેદવાર દીઠ રૂ. ૨૮ લાખ હોય છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારીપત્રો ભરાયા બાદ ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ રીતે થાય તે માટે કેન્દ્રિય ચૂંટણી પંચના સીધા માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા અને અરવલ્લીમાં ત્રણ નિરીક્ષકો નિમાશે જેઓ ચૂંટણીલક્ષી કામગીરી પર નજર રાખશે.




સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ હતી. જેમાં મતદારોને વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહિનું નિર્માણ થાયતે માટે મતદાન જાગૃતિ રેલી યોજાઈ. આગામી એપ્રિલમાં લોકસભાની ચુંટણી ૨૦૧૯ યોજાનાર છે જેમાં મતદારો વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહીનું નિર્માણ થાય તે માટે ચુંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તાલુકા સેવાસદનથી પોસ્ટરો વિવિધ બેનરો સાથે બાઈક રેલી નિકળી હતી. જેમાં પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી અને ચુંટણી અધિકારી સોનલ બા પઢેરીયા દ્વારા લીલી ઝંડી આપી રેલીનુ પ્રસ્થાન કરાવ્યું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા, બીટ નિરીક્ષક ત્રિગુણાબેન પડયા સહિત પ્રાથમિક શિક્ષકો મોટી સંખ્યામાં બાઈક સાથે જોડાયા હતા અને બાઈક રેલી નિકળી હતી. તાલુકા સેવા સદનથી પ્રાંતિજના વિવિધ માર્ગોએ ફરી પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું.

# એરપોર્ટ-રેલવે સ્ટેશને ચૂંટણી દરમિયાન નાણાંની હેરાફેરી પર વોચ રખાશે

અમદાવાદ,તા.૧૨

લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં જ હવે આચારસંહિતા અમલી બની છે ત્યારે આવકવેરા વિભાગ અને જિલ્લા કલેક્ટરની ફલાઈંગ સ્કવોડ પણ હવે કાળાં નાણાંની જંગી હેરફેર સહિત સુરક્ષા-વ્યવસ્થાના મામલે સજ્જ બન્યાં છે. ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શહેરમાં ૭૦થી વધુ ચેકિંગ પોસ્ટ શરૂ કરાઈ છે.

ચૂંટણીમાં મતદારોને રૂપિયા આપીને રીઝવવાના તમામ પ્રયાસ નિષ્ફળ બનાવવા માટે સક્રિય બનેલી સ્કવોડ ચૂંટણીમાં મતદારોને નાણાં વહેંચવા, દારૂ વહેંચવો તેમજ બીજી ભેટ-સોગાદ આપવી એ બાબતે ખાસ વોચ રાખશે, જેથી અમદાવાદ જિલ્લા કલેક્ટર અને આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન ટીમ અને ફ્લાઈંગ સ્કવોડ દ્વારા પણ શહેરના એસટી સ્ટેશન, રેલવે સ્ટેશન, એરપોર્ટ તથા પ્રાઈવેટ લક્ઝરીઓનાં સ્ટેન્ડ પર ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત હાઈવે ચેકપોસ્ટ અને આંગડિયા પેઢી પર ખાસ નજર રખાશે અને ત્યાંથી થતી નાણાંની હેરાફેરી પર વોચ રખાશે.

શહેરમાં ચૂંટણી દરમિયાન મોટા પ્રમાણમાં કાળું નાણું આવતું હોઈ તેને પકડી પાડવાની જવાબદારી ફલાઈંગ સ્કવોડને સોંપવામાં આવી છે, જેથી સ્કવોડના સભ્યો અમદાવાદમાં પ્રવેશતી તમામ જગ્યાઓ પર ચાંપતો બંદોબસ્ત રાખશે. ઉપરાંત ત્યાંથી પસાર થતી વ્યક્તિઓ પૈકી જેના પર શંકા હશે તેમની તપાસ કરશે.

# ડિપ્રેશનમાં આવી ધો-૧૦ના વિદ્યાર્થીએ આપઘાત કરતા ખળભળાટ

વડોદરા,તા.૧૨

વડોદરા શહેર નજીક આવેલા કપુરાઇ ગામમાં ધો-૧૦ના વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાના ડિપ્રેશનથી કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે. પરીક્ષાના ડિપ્રેશનને કારણે વડોદરામાં માત્ર ૪ દિવસમાં ૩ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે.

બોર્ડ પરીક્ષા શરૂ થયા બાદ ૮ માર્ચના રોજ ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીએ પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે ૮ માર્ચે જ ધો-૧૨ની કોમર્સની એક્સ સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપનાર યુવાને ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.